# દેશમાં ૧૯૯૧ જેવી આર્થિક કટોકટી નથી : વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૧૭
વડાપ્રધાન મનમોહનસિંહે આજે વૈશ્વિક અર્થતંત્રમાં આરબીઆઈની નાણાંકીય નીતિ અંગે વિચારણા કરવા અપીલ કરી હતી. આરબીઆઈની નાણાંકીય નીતિ અંગે નવી વિચારણા માટે રજુઆત કરવામાં આવી છે. તેની માઈક્રો ઈકોનોમિક પોલીસીની તકલીફને દૂર કરી શકાય તેવી આરબીઆઈની નીતિને મજબુત કરવાની જરૂરિયાત પર તેમણે ભાર મુક્યો હતો. વૈશ્વિક અર્થતંત્રમાં નાણાંકીય નીતિની મર્યાદા અને શક્યતા તરફ ધ્યાન આપવાનો સમય આવી ગયો છે. આ જ કારણસર આ કારણસર આરબીઆઈની નીતિમાં વધારે ધ્યાન આપવાની જરૂર છે. સિંહે કહ્યુ હતુ કે નિયુક્ત ગવર્નર રઘુરામ રાજને રાષ્ટ્રીય સર્વસંમતિ માટે પ્રોફેશનલ લોકોની મદદથી એક નીતિ તૈયાર કરવી જોઈએ. જટિલ અર્થતંત્રમાં સામાજીક અને આર્થિક ફેરફારોને અમલી કરવાની જરૂર છે. આરબીઆઈની પોલીસીને લઈને હાલ વ્યાપક ચર્ચા ચાલી રહી છે. દરમિયાન વડાપ્રધાન મનમોહનસિંહે શેરબજારમાં ગઈકાલે મોટો કડાકો થયા બાદ આજે પોતાની પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૧ની બેલેન્સ ઓફ પેમેન્ટ કટોકટીનું પુનરાવર્તન થવાનો કોઈ પ્રશ્ન નથી. તેમણે ઉમેર્યું હતું કે આ પ્રકારની દહેશત પાયા વગરની છે. અર્થતંત્રના



વૈશ્વિકરણની દિશામાં ભારત પણ આગળ વધી રહ્યું છે. વર્તમાન ખાતાકીય ખાદ્ય હજુ પણ ઊંચી છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા વડાપ્રધાને કબૂલાત કરી હતી કે સોનાની ઊંચી આયાત એક મોટી સમસ્યા છે અને તેમાં યોગદાન આપનાર મુખ્ય પરિબળ પૈકી એક છે. સિંહે એમ પણ કહ્યું હતું કે ભારતમાં ફોરેન એક્સચેન્જના સમયે કેટલીક સમસ્યાઓ ઊભી થઈ છે. રૂપિયાને સ્થિર કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ૧૯૯૧માં દેશની પાસે ૧૫ દિવસ માટે માત્ર વિદેશી હુડિયામણ ભંડોળનો આંકડો હતો. હવે અમારી પાસે છથી સાત મહિનાનો વિદેશી હુડિયામણ ભંડોળ છે જેથી સરખામણી કરવી યોગ્ય રહેશે નહીં. આ ઉપરાંત ૧૯૯૧ની કટોકટી ઊભી થવાનો પ્રશ્ન નથી. ઊંચી વર્તમાન ખાતાકીય ખાદ્યને સંબંધમાં સિંહે એવી દહેશતને ફગાવી દીધી હતી કે ૧૯૯૧ની કટોકટી ઊભી થઈ શકે છે. ૧૯૯૧ની કટોકટીવેળા સોનું ગિરવે મૂકવામાં આવ્યું હતું. દેશને સુધારા કાર્યક્રમોને અપનાવવાની જરૂર પડી હતી. તેમના રેસકોસ નિવાસ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા તેમને આ મુજબની વાત કરી હતી. ઊંચી નાણાંકીય ખાદ્ય અંગે તેમને કબૂલાત કરી હતી કે ખાદ્યને અંકુશમાં લેવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે. હાલમાં બિનજરૂરી સંપત્તિમાં મોટાપાયે રોકાણ થઈ રહ્યું છે.

**વડાપ્રધાને શું કહ્યું.......**

- વૈશ્વિક અર્થતંત્રમાં બદલાયેલી સ્થિતિના અનુસંધાનમાં આરબીઆઈની નાણાંકીય નીતિ અંગે નવેસરથી વિચારણાની જરૂર
- માઈક્રો આર્થિક પોલીસીઓની જટિલતા દૂર કરવાની તાકિદના પગલાની અપીલ
- આરબીઆઈએ પ્રોફેશનલ લોકોની મદદથી સુધારા પગલા હાથ ધરવા જોઈએ
- વર્ષ ૧૯૯૧ જેવી કટોકટીના પુનરાવર્તનની શક્યતા નથી
- ૧૯૯૧ જેવી કટોકટી ઉભી થઈ શકે છે તેવી દહેશત પાયા વગરની
- વર્તમાન ખાતાકીય ખાદ્ય ખૂબ ઉંચી હોવાની કબૂલાત કરી
- વિદેશી હુંડિયામણની સ્થિતિ ૧૯૯૧ની સરખામણીમાં ખૂબ મજબુત થઈ છે
- વિકાસમાં તેજી આવશે તેવી આશા વ્યક્ત કરી
- ફુગાવાને કાબૂમાં લેવા માટે પગલા લેવાઈ રહ્યા છે

# દાઉદના નજીકના સાથી ટુંડાની ધરપકડ કરાઈ

નવી દિલ્હી,તા. ૧૭
અંડરવર્લ્ડ ડૉન દાઉદ ઈબ્રાહીમના નજીકના સાથી અને આતંકવાદી સંગઠન લશ્કરે તોયબાના કુખ્યાત શખ્સ અબ્દુલ કરીમ ટુન્ડાની ભારત-નેપાળ સરહદ પરથી ધરપકડ કરી લેવામાં આવી છે. દેશમાં ૪૦થી વધુ બોમ્બ બ્લાસ્ટમાં માસ્ટરમાઈન્ડ રહેલા અને દેશના ટોચના ૨૦ વોન્ટેડ આતંકવાદીઓમાં સ્થાન ધરાવનાર અબ્દુલ કરીમ ટુન્ડા ઉર્ફે અબ્દુલ કુદોસની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેની આકરી પુછપરછ શરૂ થઈ ચુકી છે. અબ્દુલ કરીમ ટુન્ડાની ધરપકડને ખુબજ ગુપ્તરીતે રાખવામાં આવ્યા બાદ પણ આ બાબત જાહેર થઈ ચુકી છે. ૭૦ વર્ષિય ટુન્ડા બોમ્બ બનાવવામાં નિષ્ણાંત છે. તેની શુક્રવારે ધરપકડ કરાઈ હતી. નેપાળ સાથેની બનવાસા-મહેન્દ્રનગર સરહદ પરથી તેની ધરપકડ કરવામાં આવી હતી. તેને દિલ્હી લાવવામાં આવી રહ્યો છે. ૨૬/૧૧ મુંબઈના ભીષણ આતંકવાદી હુમલા બાદ તેની ઉંડી શોધખોળ ચાલી રહી હતી. ભારતે એક યાદી પાકિસ્તાનને સોંપી હતી. આ યાદીમાં લશ્કરે તોયબાના



લીડર હફીઝ સઈદ, જૈસે મહોમ્મદના વડા મૌલાના મસુદ અઝહર અને દાઉદ ઈબ્રાહિમનો સમાવેશ થાય છે. પોલીસે કહ્યુ છે કે ટુન્ડા એકલા દિલ્હીમાં ૨૧ કેસોમાં વોન્ટેડ છે. આ તમામ કેસ ૧૯૯૪ અને ૧૯૯૬-૯૮ વચ્ચેના ગાળા દરમિયાન બનેલા છે. ટુન્ડાએ બોમ્બ બનાવવામાં યુવાનોને ટ્રેનિંગ આપી હતી. આ ઉપરાંત યુરિયા, નાઈટ્રિક એસિડ, ક્લોરાઈડ, શુગર જેવી ઉપલબ્ધ સામગ્રી સાથે બોમ્બ કેવી રીતે બનાવી શકાય તેમાં તે નિષ્ણાંત હતો. મહત્તમ નુકસાન કઈ રીતે થાય તે રીતે ભરચક સ્થળોએ બોમ્બ ગોઠવવામાં તે નિષ્ણાંત હતો. ૨૩ જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે જારી કરાયેલા પાકિસ્તાની પાસપોર્ટ નંબર એસી ૪૪૧૩૧૬૧ હતો. આ પાસપોર્ટ અબ્દુલ કુદુસના નામે જારી કરાયો છે. પત્રકાર પરિષદને સંબોધતા સ્પેશિયલ કમિશનર ઓફ પોલીસ(સ્પેશિયલ સેલ) શ્રીવાસ્તવે કહ્યુ છે કે તે કારપેન્ટર, ક્રેપ ડિલર અને કાપડના વેપારી તરીકે કામ કરી ચુક્યો છે. જેહાદી આતંકવાદી બનતા પહેલા તે આ પ્રકારની પ્રવૃત્તિમાં હતો. દાઉદના નજીકના સાથી અને તોઈબાના બોમ્બ બનાવવામાં નિષ્ણાંત ટુન્ડાની ધરપકડને ખૂબ મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. તે ૪૦ ક્રિમીનલ અને આતંકવાદી કેસોમાં વોન્ટેડ તરીકે રહ્યો છે. અબ્દુલ કરીમ ટુન્ડા ટોચના ૨૦ આતંકવાદીઓની યાદીમાં સામેલ હતો. આ યાદી ભારતે પાકિસ્તાનને સોંપી હતી. પૂછપરછના આધારે કેટલીક નક્કર સફળતા હાથ લાગે તેવી પણ સંભાવના દેખાઈ રહી છે. અંડરવર્લ્ડ દાઉદ અને તોઈબાને તેની ધરપકડથી મોટો ફટકો પડ્યો છે. મુંબઈમાં આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાનને ભારતે જે ડોઝીયર આપ્યો હતો તેમાં આ શખસના નામનો પણ ઉલ્લેખ હતો. ભારત-નેપાળ સરહદ પરથી ચોક્કસ બાતમીના આધારે તેની ધરપકડ કરવામાં આવી છે. બ્લાસ્ટના જુદા જુદા કેસોનો ભેદ ઉકેલવામાં તેની ધરપકડ મદદરૂપ થઈ શકે છે. અન્ય તપાસ સંસ્થાઓ પણ તેની પૂછપરછ માટે સક્રિય થઈ ચૂકી છે. ટૂંકમાં નવી વિગતો પોલીસ દ્વારા જાહેર કરવામાં આવે તેવી સંભાવના દેખાઈ રહી છે.

# ભગતસિંહનો શહીદ દર્શાવતા કોઈ રેકોર્ડ નથી

નવી દિલ્હી,તા. ૧૭
ભારતને આઝાદ કરાવવા માટે માત્ર ૨૩ વર્ષની નાની વયમાં ફાંસીના માચડે લટકી ગયેલા શહીદ ભગતસિંહને શહીદ તરીકે સરકાર ગણતી નથી. સરકાર ભગતસિંહને શહીદ ગણતી નથી તેવા આંકડાથી સરકારની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડી શકે છે. શહીદ તરીકે ભગતસિંહના નામનો ઉલ્લેખ પાઠ્યપુસ્તકોમાં થઈ ચુક્યો છે ત્યારે સરકાર ભગતસિંહને શહીદ માનતી નથી. સરકારી દસ્તાવેજોમાં આ જ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરકારની આ બાબતને સ્વીકારવી મુશ્કેલ છે પરંતુ આ જ વાસ્તવિકતા છે. એક આરટીઆઈથી આ ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. આરટીઆઈ હેઠળ પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ગૃહ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે એવા કોઈ રેકોર્ડ નથી જેનાથી એવું સાબિત કરી શકાય છે કે ભગતસિંહને શહીદ જાહેર કરાયા હતા.

ભગતસિંહના પરપુત્ર



યદવેન્દ્રસિંહના જણાવ્યા મુજબ એપ્રિલમાં આરટીઆઈ હેઠળ તેઓએ ગૃહમંત્રાલયને એવો પ્રશ્ન કર્યો હતો કે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ક્યારે શહીદનો દરજ્જો અપાયો હતો. જો હજુ સુધી આવો દરજ્જો અપાયો નથી તો સરકાર આ દરજ્જો આપવા માટે પગલા લઈ રહી છે કે કેમ. યદવેન્દ્રના જણાવ્યા મુજબ મે મહિનામાં ગૃહ મંત્રાલયે જવાબ આપ્યો હતો કે મંત્રાલયની પાસે આવા કોઈ રેકોર્ડ નથી જેનાથી કહી શકાય કે આ ત્રણેય ક્રાંતિકારીઓને શહીદ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો હોય. જવાબમાં એમ પણ કહેવામાં આવ્યુ નથી કે સરકાર આના લીધે કયા પગલા લઈ રહી છે. યદવેન્દ્ર હવે ભગતસિંહને શહીદનો દરજ્જો અપાવવા માટે અભિયાન છેડવાની તૈયારીમાં છે. સિંહે કહ્યુ છે કે તેઓ ગૃહસચિવને મળવાની તૈયારીમાં છે. આના માટે મંજુરી પણ માંગવામાં આવી છે.

# મોદીને પીએમ ઉમેદવાર તરીકે જાહેર કરવા માંગ

નવી દિલ્હી,તા. ૧૭
ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની માંગ દિનપ્રતિદિન તીવ્ર બની રહી છે. હવે બિહાર ભાજપે પણ મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની આજે માંગણી કરી છે. બિહાર ભાજપે આજે એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં પક્ષના કેન્દ્રિય સંસદીય બોર્ડને મોદીને લોકસભા ચૂંટણી માટે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની માંગણી કરી છે. ગયામાં બે દિવસની રાજ્યકારોબારીની બેઠકના અંતે ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન સુશીલકુમાર મોદીએ એક ઠરાવ રજુ કર્યો હતો જેમા મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની માંગ કરવામાં આવી હતી. આ ઠરાવ વિધાનસભામાં વિપક્ષના નેતા નંદકિશોર યાદવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. ગૃહે નરેન્દ્ર મોદીની તરફેણ કરીને આ ઠરાવ પસાર કર્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રીનું કહેવું છે કે ગ્રામીણવિકાસને વેગ આપવા માટે પગલા લેવાઈ રહ્યા છે. મોદીએ તાજેતરમાં જ તેમના સંબોધનમાં જુદાજુદા પાસા પર વાત કરી હતી. બિહાર એકમના ઠરાવથી ભાજપની કેન્દ્રિય નેતાગીરી પર દબાણ વધી ગયુ છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા તરીકે હાલમાં ઉભરી રહ્યા છે. આવનાર દિવસો મોદી માટે જ નહીં બલકે ભાજપ માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે રાજસ્થાન સહિત કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી અને લોકસભાની ચૂંટણી પણ હવે યોજાનાર છે. જેની તૈયારીમાં તમામ પક્ષો વ્યસ્ત છે.

# પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ટૂંક સમયમાં વધુ વધારો કરાશે

નવી દિલ્હી, તા.૧૭
પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરવાનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. ડૉલર સામે રૂપિયાની કિંમતમાં ઘટાડો થયા બાદ ઓઈલ કંપનીઓ ભાવવધારા માટેનો તખ્તો તૈયાર કરી ચૂકી છે. સતત સાતમી વખત પેટ્રોલની કિંમતમાં વધારો કરવા તથા સતત આઠમી વખત ડીઝલની કિંમતમાં વધારો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. મળેલી માહિતી મુજબ પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા એકનો વધારો ઝીંકવામાં આવી શકે છે જ્યારે ડીઝલની કિંમતમાં લીટર દીઠ ૫૦ પૈસાનો વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. વૈશ્વિક ક્રૂડની કિંમત પ્રતિ બેરર ૧૦૮.૫ની સપાટી ઉપર પહોંચી ગઈ છે. ભારતીય રૂપિયો ગઈકાલે કારોબારના અંતે ૬૧.૭૧ની સપાટીએ બંધ રહ્યો હતો. આની સાથે આયાત વધુ મોંઘી બની ગઈ છે. ઈન્ડિયન ઓઈલના ચેરમેન આર એસ બુટોલાએ કહ્યું છે કે પેટ્રોલની કિંમતમાં અમને ફરી નુકસાન થવાની શરૂઆત થઈ ચૂકી છે. કારણ કે રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે. સુધારા માટેનો કેશ ફિટ થઈ ગયો છે. ડીઝલ માટે સરકારે હજુ સુધી દર મહિને ૫૦ પૈસાનો વધારો કરવાની મંજૂરી આપેલી છે. માર્કેટ કિંમતે પહોંચવા માટે આ મંજૂરી આપવામાં આવેલી છે. છેલ્લા થોડાક મહિનાઓમાં રૂપિયાની કિંમત ઘટી રહી છે. ડીઝલમાં ૨-૩ રૂપિયાનો વધારો કરવાની જરૂર છે. ઓઈલ કંપનીના ડિરેક્ટરે નામ જાહેર નહીં કરવાની શરતે આ મુજબની માહિતી આપી હતી. ફ્યુઅલની કિંમતમાં સુધારો કરવાની જરૂર ઉભી થઈ ગઈ છે. અમે મંત્રાલય સમક્ષ ડીઝલ અને પેટ્રોલની કિંમતમાં વધારો કરવા મંજૂરી આપવાની રજૂઆત કરી ચૂક્યા છે. રૂપિયાની દૃષ્ટિએ ક્રૂડની કિંમત ૧૫મી ઓગસ્ટના દિવસે પ્રતિ બેરર ૬૬૮૦.૫ રૂપિયાની સપાટીએ પહોંચી ગયો છે. જ્યારે ૧૩મી ઓગસ્ટના દિવસે ભાવ ૬૫૮૮ હતો. આની સાથે જ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરવાની જરૂર ઊભી થઈ ગઈ છે.

ડૉલરની કિંમતમાં તીવ્ર વધારો થયા બાદ અને રૂપિયાની કિંમતમાં તીવ્ર ઘટાડો થયા બાદ આ પ્રકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. તીવ્ર મોંઘવારી વચ્ચે હવે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં પણ વધુ એક વખત વધારો ઝીંકવામાં આવશે. પેટ્રોલની કિંમતમાં સતત સાત વખત વધારો કરવામાં આવી ચૂક્યો છે. જ્યારે ડીઝલની કિંમતમાં સતત આઠ વખત વધારો થઈ ચૂક્યો છે. ભાજપ સહિતના જુદા જુદા રાજકીય પક્ષો અને અન્ય પ્રાદેશિક પક્ષો ભાવવધારા સામે વિરોધ કરી ચૂક્યા છે પરંતુ આંતરરાષ્ટ્રીય સ્થિતિને ધ્યાનમાં લઈને પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો નિશ્ચિત દેખાઈ રહ્યો છે. પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા ૧નો અને ડીઝલની કિંમતમાં ૫૦ પૈસાનો વધારો આ મહિનામાં જ ઝીંકી દેવામાં આવશે. રૂપિયો ગગડી જતા આયાત વધુ મોંઘી થઈ છે.

# અમરનાથ યાત્રા ત્રણ દિવસ મુલતવી રહ્યા બાદ ફરી શરૂ

જમ્મુ,તા. ૧૭
છેલ્લા બે દિવસ સુધી ખરાબ હવામાન અને વરસાદના કારણે વાર્ષિક અમરનાથ યાત્રાને મોકુફ રાખવામાં આવ્યા બાદ અમરનાથ યાત્રા આજે શનિવારે ફરી શરૂ થઈ હતી. ૨૫૫ શ્રદ્ધાળુઓની નવી ટુકડી આજે સવારે જમ્મુથી દક્ષિણ કાશ્મીરમાં આવેલા હિમાલય ખાતેની પવિત્ર ગુફામાં શિવલિંગના દર્શન કરવા માટે રવાના થઈ હતી. ખરાબ હવામાન અને વરસાદના કારણે ૧૫મી ઓગસ્ટના દિવસે જમ્મુથી અમરનાથ યાત્રાને મોકુફ કરવામાં આવી હતી.

આજે સવારે ભગવતી નગર બેઝ કેમ્પથી ૨૫૫ શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો. પોલીસ અધિકારીએ કહ્યુ હતુકે આ નવી બેંચમાં ૧૪૫ પુરુષો, ૩૦ મહિલાઓ, આઠ બાળકો અને ૭૨ સાધુ સંતો હતા. અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ રીતે આગળ વધી રહી છે જેથી તંત્ર અને આયોજકોને આ વર્ષે મોટી રાહત થઈ છે. શ્રદ્ધાળુઓનો નવો કાફલો સાત વાહનોમાં રવના થયો હતો. વહેલી પરોઢે ૪.૫૫ વાગ્યે યાત્રી નિવાસથી તમામ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. યાત્રા અગાઉ કોમવાદી હિંસાના અનુસંધાનમાં ત્રણ દિવસ સુધી મોકુફ રાખવામાં આવી હતી. જમ્મુ પ્રદેશના ઘણા વિસ્તારમાં કોમવાદી હિંસા બાદ સંચારબંધી લાદવામાં આવી હતી. ઘણા દિવસ સુધી સંચારબંધી બાદ સ્થિતિ હળવી બનતા ૧૩મી ઓગસ્ટના દિવસે અમરનાથ યાત્રા ફરી શરૂ થઈ હતી. અમરનાથ યાત્રામાં હજુ સુધી લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે.

# ૭૦૦૦ ટન ડુંગળીની આયાત કરવાની હિલચાલ

નવી દિલ્હી,તા. ૧૭
ડુંગળીના ભાવ હાલમાં આસમાને પહોંચેલા છે આવી સ્થિતિમાં ખાનગી કંપનીઓ સાત હજાર ટન ડુંગળીની આયાત કરવા માટે ઓર્ડર આપી ચૂક્યા છે. આ ઉપરાંત સરકાર પણ સ્થાનિક અછતને દૂર કરવાના હેતુસર જાહેર કંપનીને આયાત કરવા માટે સૂચના આપી ચૂકી છે. ખાદ્યાન અને ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા સૂચના આપવામાં આવી છે કે તે નિકાસ નિયંત્રણોની માંગ કરશે. જો કિંમતો એક પખવાડિયામાં હજુ નહીં બને



તો નિકાસ નિયંત્રણો મૂકવામાં આવશે અને ડુંગળીની નિકાસને રોકવામાં આવશે. હાલમાં ડુંગળીના ભાવ આસમાને પહોંચ્યા છે. જુદા જુદા શહેરોમાં ડુંગળીના ભાવ કિલોદીઠ ૮૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે આવી સ્થિતિમાં નિકાસ નિયંત્રણો લાદીને ભાવને સ્થિર કરવાના પ્રયાસ થઈ શકે છે. વરિષ્ઠ સરકારી અધિકારીઓએ કહ્યું છે કે પ્રોજેક્ટ એક્સપોર્ટ કોર્પોરેશને ગઈકાલે ડુંગળીની આયાત કરવા માટે સૂચના આપી હતી. દરમિયાનમાં ખાનગી કંપનીઓ પણ કૃષિ આયાત અંગે જથ્થાની જરૂરિયાતને પહોંચી વળવા નેશનલ પ્લાન્ટ પ્રોટેક્સન ઓફિસનો સંપર્ક કર્યો છે. અલબત્ત સરકાર ચીન, ઈરાન, મલેશિયા અને પાકિસ્તાનમાંથી ડુંગળીનો જથ્થો મેળવવા માટે વિચારણા કરી રહી છે. પરંતુ હજુ સુધી આ અંગે નિર્ણય લેવાયો નથી. આયાત માટે સૌથી ઝડપી સોર્સ તરીકે આને જોવામાં આવે છે. આ ઘટનાક્રમ ઉપર નજર રાખી રહેલા એક અધિકારીએ કહ્યું છે કે ચીન અને મલેશિયા જેવા દેશોમાંથી સાત અથવા આઠ દિવસની અંદર જથ્થો મેળવવાની બાબત સરળ નથી. ગ્રાહક બાબતોના પ્રધાન કેવી થોમર્સનું કહેવું છે કે તેમના મંત્રાલય દ્વારા ડુંગળીની નિકાસ ઉપર નિયંત્રણો લાદવા માટે પગલાં લેવામાં આવી શકે છે. ડુંગળીના ભાવમાં હાલમાં તીવ્ર વધારો થયો છે. દિલ્હી, ઓરિસ્સા તથા ગુજરાત જેવા રાજ્યો તરફથી માંગ વધી ગઈ છે જેથી ડુંગળી ઉપર કોઈપણ નિયંત્રણ રાજકીય નિયંત્રણ રહેશે. સરકારી અધિકારીઓનું કહેવું છે કે કિંમતો મંડીમાં ઘટવાની શરૂઆત થઈ ચૂકી છે. મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં કિલોદીઠ ૨થી ૩ રૂપિયાનો ઘટાડો થયો છે. અમદાવાદ, લખૌઉ અને પટનામાં ભાવ વધારો થયો છે. મહારાષ્ટ્રમાં ૪૦ ગામ મંડી ખાતે ડુંગળીની કિંમત હોલસેલમાં પ્રતિ ક્વીન્ટર ૩૩૦૦ રૂપિયા થઈ છે.

રિટેલ માર્કેટમાં ખુબ અંતર નજરે પડે છે. જુદા જુદા શહેરોમાં ભાવ જુદા જુદા દેખાઈ રહ્યા છે. ડુંગળીની જુદી જુદી કિંમતના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.

# ગૂગલ થોડીક મિનિટ માટે બંધ થતાં ભારે ખળભળાટ

નવી દિલ્હી,તા. ૧૭
ઈન્ટરનેટની દુનિયા એ વખતે મુશ્કેલીમાં મૂકાઈ ગઈ હતી જ્યારે આજે શનિવારે સવારે ગૂગલ સર્ચ સહિત ગૂગલની તમામ સર્વિસે કામ કરવાનું બંધ કરી દીધું હતું. ભારતીય સમય મુજબ આશરે ૪.૨૦ વાગ્યાની આસપાસ પાંચ મિનિટ માટે ગૂગલની સર્વિસ બંધ થઈ ગઈ હતી. એ ગાળા દરમિયાન કોઈએ ગૂગલ ઉપર સર્ચ માટે પ્રયાસો કર્યા અને જીમેઈલ ખોલવાના પ્રયાસ કર્યા ત્યારે એ વ્યક્તિને વેબ બ્રાઉઝર ઉપર ૫૦૨ એરર મળ્યા હતા. આ એરર એવા સમયે આવે છે જ્યારે એક સર્વરને બીજા સર્વરથી ઈન વેલિડ રિસ્પોન્સ મળે છે. આના એક કલાક બાદ જ એક વેબ જાણકાર નિષ્ણાંતે કહ્યું હતું કે આ વ્યક્તિએ પેજ વ્યૂઝમાં ૪૦ ટકાનો ઘટાડો નિહાળ્યો હતો. ગો સ્કેવેર્ડે કહ્યું હતું કે ગૂગલ ડોટ કોમ બીએસટી (બ્રિટિશ સમર ટાઈમ)ના જણાવ્યા મુજબ રાત્રે પણ થોડાક સમય માટે તકલીફ ઊભી થઈ હતી જેના લીધે રિયલ ટાઈમીંગ ટેકીંગમાં પેજ વ્યૂહમાં ઘટાડો નોંધાયો હતો.

દરેક મિનિટે ગ્લોબલ પેજ વ્યૂહ દર્શાવનાર ગ્રાફમાં આશરે ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ ઘટાડો ખૂબ મોટો છે. ઈન્ટરનેટ યૂઝર તરીકે અમે મોટાભાગે ગૂગલ ઉપર આધારિત રહીએ છીએ તેવી સ્થિતિમાં આ ઘટાડો ચિંતાજનક છે. ગૂગલ સર્વિસને મોનિટર કરનાર અને તેના સ્ટેટર્સને દર્શાવનાર ડેસ બોર્ડમાં દરેક સર્વિસની આગળ એક પીંક ડૉટની સ્થિતિ સર્જાઈ હતી. આનો મતલબ એ થયો કે સર્વિસ એ વખતે ઓફ લાઈન હતી. ડૉટ ઉપર ક્લીક કરવાની સ્થિતિમાં સર્વિસ બંધ કરવાના સંદેશા આવતા હતા.

દાખલા તરીકે જીમેઈલના મામલામાં એવું જાણવા મળ્યું કે જીમેઈલની સાથે કેટલીક તકલીફથી યુઝર્સને પરેશાની થઈ રહી હતી. અસર પામેલા યુઝર્સ જીમેઈલ એક્સેસ કરી શકે છે પરંતુ તેમને એરર સંદેશાઓ મળી રહ્યા છે. આશરે ૧૦ મિનિટ બાદ ગૂગલના એન્જિનીયર્સે ડેશ બોર્ડ ઉપર જણાવ્યું હતું કે તમામ તકલીફ દૂર કરી દેવામાં આવી છે અને સર્વિસ યોગ્ય રીતે ચાલી રહી છે.

# ડૉલર વિરુદ્ધ રૂપિયો ૬૫ની સપાટીએ પહોંચે તેવા સંકેત

નવી દિલ્હી,તા. ૧૭
ડોલર સામે રૂપિયો ૬૧.૭૧ની સપાટીએ પહોંચી ગયા બાદ એકબાજુ સરકાર હચમચી ઉઠી છે અને અન્ય ચીજવસ્તુના ભાવ સતત વધી રહ્યા છે ત્યારે રૂપિયો હજુ ડોલર સામે ૬૫ની સપાટીને સ્પર્શ કરે તેવા મોત નિષ્ણાંતો આપી રહ્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે સામાન્ય લોકોને હજુ પણ વધુ તકલીફો ઉઠાવવા માટે તૈયાર રહેવું પડશે. ડોલર સામે રૂપિયાની સપાટી ઉપર




સતત નજર રાખી રહેલા આર્થિક નિષ્ણાંતો નક્કર પણે માની રહ્યા છે કે રૂપિયો ગગડી જશે. અન્ય ચલણની હાલત પણ કફોડી બનેલી છે. જેમાં યેન, પાઉન્ડનો સમાવેશ થાય છે. ડોલર સામે રૂપિયો ૬૨ને પાર કરી ગયા બાદ આગામી સાઈકોલોજીકલ સપાટી કઈ હશે તેને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. મોટાભાગના નિષ્ણાંતો માની રહ્યા છે કે ૬૫ની સપાટી ઉપર રૂપિયો પહોંચશે. મે મહિના બાદથી રૂપિયામાં ૧૫ ટકાથી વધુનો ઘટાડો થઈ ચૂક્યો છે. નિષ્ણાંતો માને છે કે રૂપિયા માટે ખરાબ સમય હજુ પૂરો થયો નથી. શેરબજારમાં પણ હજુ વધુ મંદીના સંકેત દેખાઈ રહ્યા છે. અન્ય કોમોડિટીની જેમ જ કરન્સી માર્કેટનું ચિત્ર પણ આદર્શ દેખાઈ રહ્યું નથી. રૂપિયો ઘટી જતા એનઆરઆઈમાં ખુશી દેખાઈ રહી છે. ડોલરની માંગ વધવાની સાથે સાથે પોર્ટફોલિયો મૂડીરોકાણકારો ભારત જેવા માર્કેટમાંથી તેમના નાણાં પાછા ખેંચી રહ્યા છે. યુરોપ અને જાપાનમાં રિકવરીના સંકેત દેખાઈ રહ્યા છે. બજારમાંથી જાપાન દ્વારા પણ નાણાં પરત ખેંચાઈ રહ્યા છે. આરબીઆઈ દ્વારા રૂપિયાને સ્થિર કરવા માટે ઘણા પગલાં લેવામાં આવી રહ્યા છે. ૧૫મી જુલાઈના દિવસે આરબીઆઈએ માર્જિનર સ્ટેન્ડીંગ ફેસિલિટી રેટને વધારી દઈને ફંડ ઉભા કરવા બેંકો માટે વધુ મોંઘી જટિલ પ્રક્રિયા ઊભી કરી હતી. આરબીઆઈ રૂપિયાને કાબૂમાં લેવા વધુ જે પગલાં લઈ શકે છે તેમાં ઓઈલ કંપનીઓને સ્પેશિયલ વિન્ડો મારફતે ડોલરની ખરીદીની મંજૂરીનો સમાવેશ થાય છે.